SHREE H.N.SHUKLA COLLEGE OF TEACHER EDUCATION

RAJKOT

(Affiliated To Saurashtra University & NCTE)

# અર્થશાસ્ત્રના પદ્ધતિ

# B.ED. SEM.1

એકમ – ૧ અર્થશાસ્ત્રના અધ્યાપનનું મહત્વ, ધ્યેયો અને હેતુઓ

1.1 મહત્વ: વ્યક્તિ જીવનમાં, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય અર્થકરણમાં, આર્થિક સમસ્યાઓના સંદર્ભમાં

૧.૨ ધ્યેયો

૧.૩ હેતુઓ : જ્ઞાન પ્રાપ્તિ, સમજ, ઉપયોજન, કૌશલ્ય

૧.૪ અર્થશાસ્ત્ર અધ્યાપન ના અનુદેશાત્મક હેતુઓ

એકમ – ૨ પાઠ આયોજન

૨.૧ માઈક્રોટીચિંગ

૨.૧.૧ સંકલ્પના

૨.૧.૨ કૌશલ્યો : વિષયાભિમુખ, પ્રશ્નપ્રવાહિતા, ઉદાહરણ, કા.પા. કાર્ય સુદ્રઢીકરણ, સ્પષ્ટીકરણ અને ઉત્તેજના પરિવર્તન

૨.૨ સેતુપાઠ : સંકલ્પના, અગત્ય

૨.૩ સેતુપાઠનું આયોજનએકમ-૩

એકમ ૩ અર્થશાસ્ત્ર અધ્યાપનની પદ્ધતિઓ અને પ્રયુક્તિઓ

૩.૧ ક્ષેત્રકાર્ય

૩.૨ આધાર પદ્ધતિ

3.3 કથન પદ્ધતિ

૩.૪ સ્વાધ્યાય પદ્ધતિ

૩.૫ પ્રોજેક્ટ પદ્ધતિ

૩.૬ સમસ્યા ઉકેલ પદ્ધતિ

૩.૭ નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિ

૩.૮ ટીમ ટીચિંગ

એકમ – ૪ અર્થશાસ્ત્રના અધ્યાપનમાં શૈક્ષણિક સાધનો મહત્વ અને ઉપયોગ

૪.૧ શૈક્ષણિક સાધનોના પસંદગીના સિદ્ધાંતો

૪.૨ નકશા, ચાર્ટ્સ, ગ્રાફ

૪.૩ પાઠ્યપુસ્તક, સામયિકો, વર્તમાનપત્રો, દસ્તાવેજી પત્રક

૪.૪ સ્માર્ટ બોર્ડ, ડેટા પ્રોજેક્ટર (LCD),મોબાઈલ

૪.૫ ફિલ્મો, વેબસાઈટ અને બ્લૉગ્સ

## 1.1 મહત્વ: વ્યક્તિ જીવનમાં, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય અર્થકરણમાં, આર્થિક સમસ્યાઓના સંદર્ભમાં

વ્યક્તિના જીવનમાં વ્યક્તિના જીવનની આર્થિક પ્રવૃત્તિઓ કે પ્રક્રિયાઓમાં સમતોલ્યણે નિર્દેશની રીત અર્થશાસ્ત્ર શીખવે છે. વિધાર્થી પોતાના જીવનમાં બનતી ઘટનાઓ તથા નાસાની મારા બનતી ઘટનાઓના આર્થિક પરિણામો જાણવા તેમનુ પૃથક્કરણ કરવાની વૃત્તિ જે ન પ્રક્રિયામાં અર્થશાસ્ત્રનું જ્ઞાન તેને આવશ્યક અને ઉત્તમ માર્ગદર્શન પૂરું પાડે છે.

અર્થશાસ્ત્રના અભ્યાસથી આપણે વ્યક્તિના જીવનને સ્પર્શતા અનેક આર્થિક પ્રશ્નો વિશે માહિતી અને નરો મેળવી શકીએ છીએ. વ્યક્તિની તર્કશક્તિ, ચિંતન, અવલોકન શક્તિ વગેરેનો વિકાસ થઈ 13 છે.

માનવી પંધા-રોજગારની અમુક ચોક્કસ દિશા મા માટે પકડે છે. ભાવમાં અમુક જ પ્રમાણમાં આવક શા માટે થાય છે. ચોક્કસ વસ્તુની કિંમન કેવી રીતે નક્કી પામ છે જે અધિક્તમ કેવી રીતે બનાવી શકાય, ખર્ચને ન્યૂનતમ કેમ બનાવી શકાય તથા આસનો કેવી રીતે ઉપયોગ કરવાથી વધુમાં વધુ સંતોષ મેળવી શકાય વગેરે ખક્તિના આર્થિક ના મહત્ત્વના પ્રશ્નોની માહિની અર્થશાસ્ત્ર આપે છે. એંજલનો નિષમ, સમાનોને બિની નિયમ તથા ઉપભોક્તાનો અધિક સતીષ વગેરે નિષમી આ અંગે મનોમાપે છે(i) રાષ્ટ્રીય પ્રશ્નોની સમજ :

**અર્થશાસ્ત્રના કાર્યક્ષેત્રમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રશ્નોની સમજનો પણ સમાવેશ થાય છે.**

- જેમ વ્યક્તિને માટે આર્થિક પ્રશ્નો છે તેમ સમગ્ર રાષ્ટ્રની દૃષ્ટિએ પણ ઘણા પ્રશ્નો હોય છે. કરવેરા, ખાધપુરવણી, આયાતો, નિકાસો વગેરે પ્રશ્નોની ચર્ચા કરે છે. આયાતો ઝડપભેર શા માટે વધે છે તથા નિકાસો સ્થગિત શા માટે રહે છે તેની ચર્ચા કરે છે. ઇજારાશાહી પર નિયંત્રણ કઈ રીતે મૂકી શકાય ? જાહેર સાહસોનો વિસ્તાર શા માટે થઈ રહ્યો છે તથા તેની કામગીરી કેવી છે ? પંચવર્ષીય યોજનાઓ કેવી રીતે તથા શા માટે ઘડાય છે તથા તેના લાભાલાભ વગેરે
- રાષ્ટ્રના અર્થજીવનને સ્પર્શતા પ્રશ્નોનો ઉત્તર અર્થશાસ્ત્રના અભ્યાસ દ્વારા મળે છે.
- વળી ભારત જેવા વિકસતા દેશમાં ગરીબી, બેકારી તથા મોંઘવારીનો અંત કેમ લાવી શકાય.
- વગેરે વિકાસલક્ષી અને ગતિશીલ આર્થિક પ્રશ્નોના નિદાન અને ઉકેલ અર્થશાસ્ત્ર સૂચવે છે.
- તે માટે અર્થશાસ્ત્રમાં Development Economicsની ખાસ શાખા ઊંડું સંશોધન કરી રહી છે. (૪) આંતરરાષ્ટ્રીય આર્થિક સમસ્યાઓ પર પ્રકાશ
- 
- જેમ રાષ્ટ્રને માટે આર્થિક સમસ્યાઓ છે તેવી જ આંતરરાષ્ટ્રીય તાર્ષિક સમારો પણ છે.
- નાણાનું અવમૂલ્યન, ઊર્ધ્વમૂલ્યન, દાનચોરી, અલ્પવિકસિત દેશ દ્વારા આર્થિક માકના પ્રયત્નો, આંતરરાષ્ટ્રીય નાણાસંસ્થાઓ દ્વારા વિશ્વના દેશોને મદદ આંતરરાષ્ટ્રીય તરલતાની સમસ્યા, વર્તમાન ખનીજ તેલની ભાવવૃદ્ધિનો તથા ીજા કટોકટીના પ્રશ્નો વગેરે આંતરરાષ્ટ્રીય સવાલીનું તલસ્પર્શી જ્ઞાન 'આંતરરાષ્ટ્રીય અર્થશાસ્ત્ર" નામની શાખામાં ચર્ચાય છે. અર્થશાસ્ત્રના શિક્ષણનાં ધ્યેયો અને હેતુઓ
- 
- 10
- 
- વિશિષ્ટ હેતુઓ નક્કી થયા છે તે જોઈએ. તે પહેલાં અર્થશાસ્ત્ર શિક્ષણનાં કેટલાંક વિશાળ ધ્યેયો તરફ નજર કરીએ
- 

## ૧.૨ અર્થશાસ્ત્ર શિક્ષણનાં વિશાળ ધ્યેયો :

- એક સામાજિક શામ તરીકે અર્થશાસ્ત્ર સમાજ અને સમાજની આર્થિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ છે. વ્યક્તિ અને સમાજ બંને માટે આમ તે ઉપયોગી છે. ઉત્પાદનનાં સાધનોનો શ્રેષ્ઠતમ ઉપયોગ કરી એ દ્વારા વધુમાં વધુ ઉત્પાદન કેમ કરવું તથા તે ઉત્પાદનને સમાન રીતે સમાજ વચ્ચે વહેંચવું તે અર્થશાસ્ત્રના ક્ષેત્રમાં આવે છે. શિક્ષણ અને સમાજ ગાઢ રીતે સંકળાયેલાં છે. સમાજની જે જરૂરિયાતો છે તે શિક્ષણ દ્વારા સંતોષાવી જોઈએ. સમાજને અનુરૂપ શિક્ષણના ધ્યેયો ઘડાતાં હોય છે. આજે વિશ્વના તમામ દેશોને અર્થશાસ્ત્ર શિક્ષણની જરૂર છે. આ સંદર્ભમાં અર્થશાસ્ત્ર શિક્ષણનાં ધ્યેયો જાણવા જરૂરી છે ઃ

### (૧) જ્ઞાનપ્રાપ્તિનો ધ્યેય :

- અર્થશાસ્ત્ર એવો વ્યવહારુ વિષય છે કે માનવજીવનનાં ઘણાં પાસાંઓને તે સ્પર્શે છે. એક સામાજિક વિજ્ઞાન તરીકે તેનું મુખ્ય ધ્યેય જ્ઞાનપ્રાપ્તિનું છે. ઉત્પાદનનાં સીમિત સાધનો વડે મહત્તમ ઉત્પાદન કરવાનું ધ્યેય અર્થશાસ્ત્ર સમક્ષ છે.
- વ્યક્તિની દૃષ્ટિએ પણ આવક-ખર્ચની સરાહનો અભ્યાસ ખૂબ આવશ્યક બને છે.
- આમ માનવજીવનનાં વિવિધ પાસાંઓ પર આર્થિક પરિબળોની અસરો જાણવા માટે તથા ખેતી, ઉદ્યોગ, વાણિજ્ય, વાહનવ્યવહાર, સંદેશાવ્યવહાર, નોકરી, સેવાઓ તથા અર્થતંત્રના આંતરમાળખાગત (Infra-structural) વિકાસની દૃષ્ટિએ જ્ઞાનપ્રાપ્તિના ઉદ્દેશથી અર્થશાસ્ત્રનો અભ્યાસ અનિવાર્ય છે.
- અર્થતંત્રની વિવિધતા, તેમાં આવેલાં પરિવર્તનો, સમસ્યાઓની જટિલતા, તેની સામે લેવાયેલા ઉપાયો વગેરેની ચર્ચા જ્ઞાનપ્રાપ્તિના ઉદ્દેશથી અત્રે પ્રસ્તુત બને છે.

### (૨) તર્કશક્તિનો વિકાસ :

- આજે આર્થિક સમસ્યાઓનો વ્યાપ ખૂબ વધ્યો છે. દરેક દેશમાં કોઈ ને કોઈ આર્થિક સમસ્યા જટિલ સ્વરૂપે જોવા મળે છે. તેમાં પણ અલ્પવિકસિત દેશોમાં તો અનેક સમસ્યાઓ ઘેરાયેલી જોવા મળે છે. આમ પ્રવર્તમાન સમયની આર્થિક સમસ્યાઓ શોધી તેનું નિવારણ કેમ કરવું તે માટે અર્થશાસ્ત્ર વિચારે છે.

- આર્થિક સમસ્યાઓ, જટિલતા, કારણો અને ઉપાયોનાં મનન કરતી વખતે અર્થશાસ્ત્રના વિદ્યાર્થીએ અનિવાર્યપણે તર્કશક્તિનો ઉપયોગ કરવો જ પડે છે. કારણ અને પરિણામનો અભ્યાસ એ વિજ્ઞાનનો વિષય છે અને અર્થશાસ્ત્રમાં પણ કારણ કાર્યની સમજૂતી સમાવિષ્ટ થતી હોઈ તર્કશક્તિની ખિલવણી થાય છે.

### (૩) રાષ્ટ્રીય નીતિ ઘડતર અંગે સમજણ પ્રાપ્ત કરવી :

વિશેષ કરીને આપણા દેશની આર્થિક નીતિના ઘડતરના અનુસંધાને વિદ્યાર્થીઓ સાચી સમજ કેળવે તે અર્થશાસ્ત્રનું ધ્યેય છે. આજે નવમી પંચવર્ષીય યોજનાનો અમલ થઈ રહ્યા છે. આ પંચવર્ષીય યોજનાની સફળતા કેવળ સરકાર કે આપોજકો પર નિર્ભર નથી, પરંતુ સમાજના તમામ વર્ગોની જાગૃતિ ઉપર પણ અવલંબે છે. દેશની આર્થિક નીતિ, કૃષિવિષયક નીતિ અને ઔદ્યોગિક નીતિના ઘડતરમાં અનેક આર્થિક પરિબળો ભાગ ભજવે છે.

## ૧.૩ હેતુઓ : જ્ઞાન પ્રાપ્તિ, સમજ, ઉપયોજન, કૌશલ્ય

### જ્ઞાન પ્રાપ્તિ:

- વિદ્યાર્થીઓ અર્થશાસ્ત્ર વિષય જ્ઞાન પ્રાપ્ત કરે.

### વિશિષ્ટ હેતુ :

- જ્ઞાન પ્રાપ્તિ વિદ્યાર્થીઓ અર્થશાસ્ત્રના પારિભાષિત શબ્દ વ્યાખ્યાઓ સામાન્યકરણ સત્યનું પરિચય મેળવે.
- અમુક આરતી ઘટનાઓ બનાવો કે પ્રસંગો આજની પરિસ્થિતિમાં કેમ ઉદ્ભવ્યો તેના કારણો વિશે માહિતી પ્રાપ્ત કરે.
- વિદ્યાર્થી દેશ-વિદેશની ઘટનાઓથી પરિચિત થાય.
- વિવિધ સંસ્થાઓ મંડળો સમાજ વગેરે વિશે માહિતી પ્રાપ્ત કરે.

### સામાન્ય હેતુ :

### સમજ પ્રાપ્તિ:

વિદ્યાર્થીઓ આર્થિક બાબતોની સમજ પ્રાપ્ત કરે.

### વિશિષ્ટ હેતુ સમજ પ્રાપ્તિ :

- વિવિધ દેશોના અર્થતંત્રની સમજ મેળવે.
- આર્થિક પરિબળોની માનવ જીવન પર થતી અસરોને સમજે.
- સામાન્ય કારણો અંગે યોગ્ય સમજ ધરાવે.
- આર્થિક બનાવો ના કારણો સમજે.

### સામાન્ય હેતુ જ્ઞાનનો ઉપયોગ ઉપયોજન:

વિદ્યાર્થીઓએ મેળવેલા આર્થિક જ્ઞાનનો ઉપયોગ કરે.

### વિશિષ્ટ હેતુ જ્ઞાનનો ઉપયોગ:

- વર્તમાનની સમસ્યાઓનો ઉકેલ શોધી શકે.
- ઉત્પાદનના સાધનોનો ઉપયોગ કરતા શીખે.
- આર્થિક ઘટનાઓ પાછળના પરિણામ પરિબળો નક્કી કરે.

### સામાન્ય હેતુ કૌશલ્યો :

### વિશિષ્ટ હેતુ કૌશલ્ય:

- વિદ્યાર્થીએ નકશા વાંચન નકશા પૂરતી કરે.
- વિદ્યાર્થીઓ ચાર ચિત્રો નમુના વગેરે દોરવા બનાવવા અને તેમનો અર્થઘટન કરવાનો કૌશલ્ય કેળવે.
- ગણિતના સાધનો વાપરવાનો કૌશલ્ય કહેવાય.
- દ્રશ્ય સ્ત્રાવ્ય સાધનોનો ઉપયોગ કરવાનો કૌશલ્ય.

### સામાન્ય હેતુ માનસિક શક્તિનો :

- વિકાસ વિદ્યાર્થીઓ કેટલીક માનસિક શક્તિઓ વિકસાવે.

### વિશિષ્ટ હેતુ માનસિક શક્તિનો વિકાસ:

- વિદ્યાર્થીઓ સ્મરણ શક્તિ કલ્પના શક્તિ વિચાર શક્તિ તર્કશક્તિ નિર્ણયશક્તિ જેવી માનસિક સત્ય વિકસાવે.
- વિવેક બુદ્ધિથી અને તટસ્થતાથી  પ્રસંગ નો વિશ્લેષણ કરવાની શકિત વિકસાવે.
- નિદર્શન રજૂઆત અભિવ્યક્તિ જેવી શક્તિઓનો વિકાસ કરે.

### સામાન્ય હેતુ વલણો અને ટેવનો હેતુ :

- વિદ્યાર્થીઓ કેટલાક વલોણો અને તેઓને પોતાના જીવનમાં સ્થાન આપે.

### વિશિષ્ટ હેતુ વલણ અને ટેવ:

- વિદ્યાર્થીઓને ઘટનાઓની અવલોકન નોંધ નો વલન વિકસે અર્થ વિશે એક માહિતીની યોગ્ય ચકાસણીની ટેવ કેળવે.
- વર્તમાન પત્રોની ઘટનાઓને આર્થિક દ્રષ્ટિએ મૂલ્ય આર્થિક પરિબળો બનાવવાનું યોગ્ય નિરીક્ષણ અને નોંધ કરવાની ટેવ પડે.

## <u>૧.૪  અર્થશાસ્ત્ર અધ્યાપન ના અનુદેશાત્મક હેતુઓ</u>

- ૧૮ વિદ્યાર્થીઓમાં આ સમજણ પ્રાપ્ત થાય તે ખૂબ આવશ્યક છે. સરકાર યોજનાઓ શા માટે ઘડે છે ? સમાજવાદી સમાજરચનાને શા માટે મહત્ત્વ અપાઈ રહ્યું છે ? જાહેર ક્ષેત્રનો વિકાસ ઝડપી શા માટે રહ્યો છે ? મિશ્ર અર્થતંત્રમાં જાહેર સાહસોએ કઈ રીતે વર્તવું ? ઔદ્યોગિક ક્ષેત્રે નાના ઉદ્યોગોને શા માટે મહત્ત્વનું સ્થાન અપાઈ રહ્યું છે ? આ બધા જ પ્રશ્નોના જવાબો અર્થશાસ્ત્રના જ્ઞાન અને સમજણ દ્વારા વિદ્યાર્થી મેળવે તે જરૂરી ગણાયું છે.
- (૪) નૈતિક રાષ્ટ્રીય ભાવનાનો વિકાસ :

- વિદ્યાર્થીઓ અર્થશાસ્ત્રનો વાસ્તવિક વિજ્ઞાન તરીકે અભ્યાસ કરે તે સાથે તે આદર્શલક્ષી વિજ્ઞાન તરીકે અને કલા તરીકે પણ અભ્યાસ કરે તે અપેક્ષિત છે. મહાત્મા ગાંધીજીએ નૈતિક અને રાષ્ટ્રીય ભાવનાના વિકાસ પર ખૂબ ભાર મૂક્યો છે. સૌંદાઈ, શ્રમ, સમાનતા, આત્મનિર્ભરતા વગેરે ગાંધીવાદી અર્થશાસ્ત્રના પાયાના સિદ્ધાતો છે.

- શ્રીમન્નારાયણે પોતાના પુસ્તક The relevance of Gandhian Economic thoughtમાં નોંધેલ છે કે અર્થશાસ્ત્રનું કાર્ય ગાંધીજીને મન વ્યક્તિમાં શ્રમની પ્રતિષ્ઠા અને ગૌરવનું પ્રકટીકરણ કરવાનું છે. અર્થશાત્રે સાદું જીવન અને ઉચ્ચ વિચારોને જીવનમાં

ઉતારવામાં મદદ કરવાની છે. અર્થશાએ માનવીમાં નૈતિકતા અને રાષ્ટ્રીયતાને વિકસાવવામાં મદદ કરવાની છે. (૫) સામાજિક મહત્તમ કલ્યાણ :

- મહત્ત્વ ન આપતા હોય, ભલે વાસ્તવિક અર્થશાસ્ત્રના પ્રણેતાઓ સામાજિક કલ્યાણને પરંતુ અર્થશાસ્ત્ર આદર્શલક્ષી વિજ્ઞાન અને કલા પણ છે. આજે અર્થતંત્રને અનેકવિધ આર્થિક સમસ્યાઓ પીડી રહી છે. આ બધી સમસ્યાઓના નિવારણાને અંતે મહત્તમ સામાજિક કલ્યાણ સિદ્ધ થાય તે માટે અર્થશાસ્ત્રનું ધ્યેય રહ્યું છે. માત્ર ઉત્પાદનનાં સાધનોના મહત્તમ ઉપયોગથી રાષ્ટ્રીય આવક વધારી સમૃદ્ધિ પ્રાપ્ત કરવી એ પૂરતું નથી, પરંતુ સાધનોનો ઉપયોગ એ રીતે થવો જોઈએ કે જેથી સમાજીનું પણ કલ્યાણ વર્ષ. ગાંધીજીએ એટલા માટે જ 'ઊંચા જીવનધોરણ"ની નહીં, પણ 'ઊંચા જીવન"ની હિમાયત કરી છે. વ્યક્તિની સાથે સમાજનું કલ્યાણ પણ ઈષ્ટ સ્થિતિએ પહોંચે એ અર્થશાસ્ત્રનું ધ્યેય રહ્યું છે. (૬) વાસ્તવિક સ્થિતિનો ખ્યાલ :

- વિજ્ઞાન તરીકે અર્થશાસ્ત્ર વાસ્તવિક સ્થિતિનો ખ્યાલ આવશ્યક ગણે છે. આજે શિક્ષા પાછળ જે મૂડીરોકાણ થાય છે તે ફળદાયી બને તે જરૂરી છે. શિક્ષણના પણ આયોજનની જરૂર છે. શિક્ષણ પાછળનું મૂડીરોકાણ એ માનવ મૂડીરોકાણ છે. યંત્રો અને કાચા માલ પાછળ થતી મૂડીરોકાણ કરતાં પણ માનવ મૂડીરોકાણ વધુ અગત્યનું છે. આ માનવ મૂડીરોકાણ અંગેનો ખ્યાલ અર્થશાસ્ત્ર આપે છે.

- માનવી આજે લાચાર પરિસ્થિતિમાં મુકાયો છે. આ પરિસ્થિતિમાં તેને વાસ્તવિકતા અને સત્ય સમજાવવાનું કામ અર્થશાએ કરવાનું છે. સમાજમાં પ્રવર્તતી ગરીબાઈ, બેરોજગારી, વધતા જતા ભાવો, નીચા વેતનદરો, શોષણ, ઈજારો, ઉત્પાદનનાં સાધનોનો બગાડ, અર્થતંત્રની તેજી, મંદી વગેરેના આરોહઅવરોહ આ તમામ બાબતે પૂર્ણ વાસ્તવિક પરિસ્થિતિથી વિદ્યાય જ્ઞાત બને અને કલ્પનાને બદલે વ્યવહારુ બને એ અર્થશાસ્ત્રનું ધ્યેય રહ્યું છે.

- આ રીતે અર્થશાસ્ત્ર શિક્ષણના વિશાળ પેપોનો દષ્ટિએ જોતા એ વ્યાપક છે, પતુ ચોક્કસ ટૂંકા ગાળાના હેતુઓ દ્વારા એ સિદ્ધ કરી શકાય છે. શિક્ષણકાર્ય કરવા માટે શિક્ષણના ધ્યેયનું સ્પષ્ટ જ્ઞાન શિક્ષણ પુસે હોવું જરૂરી છે. નહીં તો શિક્ષકની દશા ધ્યેયવિહોણા નાવિક જેવી બની જાય અને વિદ્યાર્થીઓની દશા હલેસાંવિહોણી નૌકા જેવી બની જાય છે. આમ શિક્ષાની બાબતમાં તેના ઉદેશની સ્પષ્ટતા હોવી અનિવાર્ય છે. અર્થશાસ્ત્ર શિક્ષણના ઉદેશોની જાણકારી અર્થશાસ્ત્રને સમજવા માટે મદદરૂપ થઈ પડે છે.

# યુનિટ 2 પાઠ આયોજન 2.1

## માઈક્રો ટીચિંગ અર્થ:

નિયંત્રિત વ્યવહાર પર ધ્યાન કેન્દ્રિત કરે છે અને નિયંત્રિત પરિસ્થિતિમાં શિક્ષણ વ્યવહાર ધરાવે છે.

**વ્યાખ્યા:**

વર્ગ ના કદ અને સમયની દ્રષ્ટિએ મેગ્નોતિક એ માપી શકાય તેવી અત્યંત પ્રક્રિયા છે.

**એલન** :

માઈક્રો ટીચિંગ એ વર્ગ શિક્ષણ માટેના શિક્ષકના વર્તનમાં ફેરફાર લાવવા માટે અસરકારક પ્રયુક્તિ છે.

**કોલન બેક**

લક્ષણો થોડા સમયમાં એટલે કે પાંચ થી સાત મિનિટ નો પાઠ ઓછો વિષય વસ્તુ કોઈ એક મુદ્દો થોડા વિદ્યાર્થીઓ લગભગ 10 જેટલા સહ તાલીમાર્થીઓ કૃત્રિમ વર્ગખંડ પરિસ્થિતિ કોઈપણ એક કૌશલ્ય પર ધ્યાન કેન્દ્રિત કરવું.

**સોપાનો** :

- આયોજન
- શિક્ષણ
- પ્રતી પોષણ
- પુનઃ આયોજન
- પુનઃ શિક્ષણ
- પુનઃપ્રતિ પોષણ

**મેક્રોની ચીજ** નો ખ્યાલ આપણા સૌ પ્રથમ વ્યક્તિ એલાન વાઈટ હતા.

- તેમને ઈસવીસન 1963 માં microng નું સૌપ્રથમ પ્રયોગ શરૂ કર્યું.
- તેઓ સ્ટેન્ડફર્ડ યુનિવર્સિટી કેલિફોર્નિયા ના પ્રોફેસર હતા.
- અત્યારે પણ કૌશલ્ય શિક્ષક અધ્યાપન કાર્ય કરે તે દરમિયાન 20,000 જેટલા અત્યા પણ કૌશલ્યનો ઉપયોગ કરે છે.
- તેમાંથી કેટલાક અધ્યાપન કૌશલ્ય બાબતે નિપુણતા મેળવવી એ દરેક શિક્ષક માટે જરૂરી છે.
- તાલીમાર્થીઓને વર્કમાં છે.
- અધ્યાપન કૌશલ્યનો વધુ ઉપયોગ કરવો પડતો હોય તેવા કેટલાક અધ્યાપન કૌશલ્યની મદદથી તાલીમ આપવામાં આવે છે.
- મહત્વ અગત્યતા માઈક પદ્ધતિ સલામત વ્યવહાર છે.

- એક કૌશલ્ય કેન્દ્રિત પ્રવૃત્તિ છે.
- અધ્યાપન કૌશલ્ય ની પૂર્વ તાલીમ આપે છે.
- નિરીક્ષણ માટેનું ઉત્તમ અભિગમ છે.
- પ્રતિપોષણ ખૂબ જ સ્પષ્ટ અને દિશા સૂચક હોય છે.
- સતત તાલીમ માટે ઉપયોગી પ્રયોગથી છે.
- સભા શોભ દૂર કરે છે શાળાઓના બોજ પર ઘટાડો કરે છે.
- મર્યાદા વહીવટી મર્યાદાઓ સમયપત્રક રૂમની વ્યવસ્થા શૈક્ષણિક મર્યાદાઓ વાસ્તવિક વર્ગખંડની પૂર્ણ આવૃત્તિ નથી.

## પર્યાવરણ કૌશલ્ય. :

- વિષયાભિમુખ સમાચારપત્ર મોડેલ ચાર્ટ મેગેઝીન નકશા અનિચ્છનીય વર્તનો સાતત્ય ભાગવાનું વર્તન એટલે કે વિચારોની રજૂઆતની ક્રમિકતા કુત્રિમ રીતે મથાળું કાઢવું એટલે કે અનુરૂપ.
- કૃત્રિમ પરિસ્થિતિમાં કૃત્રિમ વાતાવરણ સ્ટીમ્યુલેશન કહે છે.
- વાસ્તવિક પરિસ્થિતિ જેવી જ કુત્રિમ પરિસ્થિતિ ઉભી કરવામાં આવે તેને સિમ્યુલેશન કહે છે.

## વિષયાભિમુખ કૌશલ્ય :

- જે વિષય વિજ્ઞાન કે મુદ્દો શીખવાનો હોય તેના પ્રત્યે વિદ્યાર્થીઓને અભિમુખ કરવાના કૌશલ અને વિષયાભિમુખ કૌશલ્ય કહે છે.
- વિષય તરફ વિદ્યાર્થીને અભિમુખ કરવા જ્યાં કોઈ વિષય હોય શકે કોઈ ભાગ કે મુદ્દો પણ હોય શકે વિદ્યાર્થી મુખની અગત્યતા મહત્વ વિદ્યાર્થીઓને નવું જ્ઞાન જાણવા તત્પર બનાવવા વિદ્યાર્થીઓ સાથે જ્ઞાનાત્મક સ્તરે સંબંધ બાંધવા વિદ્યાર્થીઓમાં રસ જાગૃતિ કેળવવા.
- વિદ્યાર્થીને વર્ગ વ્યવહારમાં ભાગીદાર બનાવવા માટે ઇચ્છનીય વર્તનો પૂર્વજ્ઞાનનો ઉપયોગ યોગ્ય પ્રયુક્તિ નો ઉપયોગ પ્રશ્નોત્તરી ઉદાહરણ કે દ્રષ્ટાંત કથન વર્ણન કે વ્યાખ્યા દ્વારા અભિમુખ વાર્તા રોલ-પ્લે, નાટ્ય કરણ, દ્રશ્ય સાધનોનો ઉપયોગ, પ્રશ્ન પ્રવાહીતા.

## પ્રશ્ન પ્રવાહિતા કૌશલ્ય :

- વિદ્યાર્થીને પાઠને અનુરૂપ પ્રશ્ન પૂછવા અને યોગ્ય ઉત્તર મેળવવાની દિશામાં શિક્ષકનું વર્તન એટલે પ્રશ્ન પ્રવાહી હતા.
- વ્યાખ્યા પ્રશ્ન સૌથી ઉત્તમ ઉત્તેજક છે અને તે શિક્ષકને તરત જ ઉપયોગી થાય છે.
- કેલ્વિન મહત્વ બાળકનું પૂર્વજ્ઞાન ચકાસી શકાય છે.
- વિદ્યાર્થીનું ધ્યાન કેન્દ્રિત કરી શકાય છે.
- બાળકો શીખેલી વસ્તુ સમજ્યા કે નહીં તે જાણી શકાય છે.
- બાળકોને જિજ્ઞાસા જાગૃત કરી શકાય છે.
- કંટાળો દૂર કરી શકાય છે.
- અધ્યયન ને અસરકારક બનાવી શકાય છે.

## પ્રશ્નનું બંધારણ:

- વ્યાકરણની દ્રષ્ટિએ યોગ્ય હોવું જોઈએ.
- વાક્ય રચનાની દ્રષ્ટિએ યોગ્ય હોવું જોઈએ.
- પ્રશ્ન શુદ્ધ હોવા જોઈએ અટપટા અને ગૂંચવાડા ભર્યા પ્રશ્ન ન હોવા જોઈએ.
- પ્રશ્ન ટૂંકા અને સંક્ષિપ્ત હોવા જોઈએ.
- પ્રશ્ન સ્પષ્ટ હોવા જોઈએ.

- v પ્રશ્ન મુદ્દા સાથે સુસંગત હોવા જોઈએ.
- v શું શ્રાવ્ય અવાજ હોવો જોઈએ.
- v પ્રશ્ન બાળકોને સમજાય તેવા હોવા જોઈએ.
- v જેના ઉત્તર ના મળે તેવા પ્રશ્ન પૂછવા જોઈએ નહીં.
- v પ્રશ્નના જવાબ હા કે ના માં મળે તેવા પ્રશ્નો પૂછવા જોઈએ નહીં.

---

## પ્રશ્ન પૂછવાની પ્રક્રિયા:

- v પ્રશ્ન સમગ્ર વર્ગ સમક્ષ રજૂ કરવો જોઈએ.
- v પ્રશ્નનો પુનરાવર્તન કરવું નહીં.
- v પ્રશ્ન પૂછ્યા બાદ થોડી વાર શાંતિ જાળવવી.
- v પ્રશ્નની રજૂઆત યોગ્ય ઝડપે કરવી.
- v પ્રશ્નના યોગ્ય શબ્દ પર ભાર મૂકવો.
- v વર્ગમાં બધા સાંભળે તેમ પ્રશ્ન પૂછવો.
- v યોગ્ય હાવ ભાવ સાથે પ્રશ્ન પૂછવા.
- v પ્રશ્નનું ઉત્પાદન પ્રશ્નનો કઠિનતા મૂલ્ય ઉચ્ચું હોય.
- v પ્રશ્નમાં વિદ્યાર્થીનિ રસ પડ્યો ન હોય.
- v પ્રશ્ન સમયે વિદ્યાર્થીનું ધ્યાન ન હોય.
- v પ્રશ્ન પૂર્વજ્ઞાન સાથે સુસંગત ન હોય.
- v શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે આત્મીયતા ન સ્થપાય હોય .
- v પ્રશ્ન ખામીયુક્ત હોય.
- v પ્રશ્નનો જવાબ હા કે ના માં ન આવતો  હોવો  જોઈએ.
- v અટકળ પ્રશ્નો ટાળવા જોઈએ.
- v દાખલા તરીકે અજંતા ગુફાઓ કેટલી?
- v પડઘા પ્રશ્ન પૂછવાનો ટાળવું જોઈએ.
- v આ પ્રકારના પ્રશ્નોમાં પ્રથમ વિધાન કરીને તુરંત જ પ્રશ્ન પૂછવામાં આવે તેને પડઘા પ્રશ્ન કહેવામાં આવે છે.
- v દાખલા તરીકે યશોદા કૃષ્ણને કનૈયો કહેતી હતી.
- v પછી તરત જ પ્રશ્ન પૂછવામાં આવે કે,
- v યશોદા કૃષ્ણ ને શું કહેતી હતી?
- v વિદ્યાર્થીઓને મૂંઝવણ થાય તેવા પ્રશ્ન ન પૂછવા.
- v દાખલા તરીકે : સીતા અને રાવણ ઉપાડી ગયો સીતાની જગ્યાએ તમે હોત તો શું કરત?
- v સમર્થન પ્રશ્ન પૂછવાનો ટાળો દાખલા તરીકે પીલુડી કાવ્યમાં ભાઈ બહેનના પ્રેમની વાત છે.
- v સાચું ને?
- v ઉત્તરનું પુનરાવર્તન વિદ્યાર્થીઓ પાસે ન કરાવો.
- v જો વિદ્યાર્થી ઉત્તર ન આપે તો તેના કારણો જાણવા.
- v વિદ્યાર્થી પ્રશ્નના સ્વરૂપને ન સમજે ત્યારે વિદ્યાર્થીની કક્ષા થી ઉચા પ્રશ્નો ના પૂછવા જોઈએ.
- v પ્રશ્ન અભાવ હોય પૂર્વજ્ઞાનથી અપરિચિત હોય.
- v વિદ્યાર્થી થાકી ગયા હોય..
- v શારીરિક સ્થિતિ સારી ન હોય.
- v શિક્ષક વિદ્યાર્થી વચ્ચે કોઈ સંબંધ જ ના હોય chhatadar પ્રશ્ન ન પૂછવા.
- v દાખલા તરીકે ભારત 50 વર્ષથી સ્વતંત્ર થયું છતાં દેશમાં નિરીક્ષકતા બેકારી ભ્રષ્ટાચાર વસ્તી વધારાની સમસ્યા હજુ પણ છે.

## ઉદાહરણ કૌશલ્ય :

**અર્થ** :

જેમાંથી શીખવાનો ખ્યાલ સિદ્ધાંત કે શીખવવાની પદ્ધતિ લાગુ પડતી હોય તેને ઉદાહરણ કહે છે.

વર્ગખંડના શિક્ષણ કાર્યમાં મૂર્ત વિચારો કે અમૃત વિશે વસ્તુને વિવિધ ઉદાહરણો દ્વારા રજૂ કરવાના કૌશલ્ય ને ઉદાહરણ કૌશલ્ય કહેવામાં આવે છે.

**લક્ષણો** :

- ઉદાહરણ રસપ્રદ હોવું જોઈએ.
- ઉદાહરણ યોગ્ય હોવું જોઈએ.
- ઉદાહરણની રજૂઆત યોગ્ય હોવી જોઈએ.
- ઉદાહરણ વિષયના મુદ્દાને લગતું હોવું જોઈએ.
- રજૂઆતનુ માધ્યમ શાબ્દિક માધ્યમ ઘટના પ્રસંગ કથા વાર્તા.
- અશાબ્દિક માધ્યમ નકશા પ્રયોગ ચાર્ટ મોડેલ ઉદાહરણ સ્પષ્ટ હોવું જોઈએ.
- ઉદાહરણ વિષયને સુસંગત હોવો જોઈએ.
- સરળ તેમજ વિષયવસ્તુને અનુરૂપ ઉદાહરણ આપવું જોઈએ.
- ઉદાહરણ ની પદ્ધતિ આગમન પદ્ધતિ પ્રથમ ઉદાહરણ આપી ત્યારબાદ સત્યની તારવણી કરવી.
- નિગમન પદ્ધતિ નિયમ કે તથ્ય ની પહેલા રજૂઆત કરી પછી ઉદાહરણ આપવું જોઈએ.
- ઉદાહરણ પૂર્વજ્ઞાન આધારિત હોવું જોઈએ

## કાપા કાર્ય કૌશલ્ય::

**અર્થ** :

વર્ગખંડમાં કાળા પાટિયા પર શિક્ષક દ્વારા અનુરૂપ વ્યવસ્થિત રીતે મરોડદાર અક્ષરોથી જે તમામ વિદ્યાર્થીઓ વાંચી શકે તેવા કાપા કાર્ય નોંધ કરવાના શિક્ષકના કૌશલ્ય ને શ્યામ ફલક કૌશલ્ય કહે છે.

**ઘટકો**: :

- હસ્તાક્ષરોની સુવાચ્યતા હોવી જોઈએ.
- પ્રત્યેક અક્ષર સ્પષ્ટ વાંચી શકાય તેવા હોવા જોઈએ.
- બે અક્ષરો વચ્ચે યોગ્ય અંતર હોવું જોઈએ.
- બે શબ્દો વચ્ચે યોગ્ય અંતર હોવું જોઈએ.
- અક્ષરોનું કદ છેલ્લી પાટલી પર બેઠેલો વિદ્યાર્થી વાંચી શકે તેવું હોવું જોઈએ.

**શ્યામ ફલક કાર્યની સ્વચ્છતા** :

- લખાણ સીધી લીટીમાં લખાયેલું હોવું જોઈએ.
- બે લીટીઓ વચ્ચે અંતર હોવું જોઈએ.
- અક્ષર ઉપર અક્ષર ન લખાય તેની કાળજી લેવી.
- ચર્ચા સંબંધિત બાબતો જ લખવી.

- શ્યામ ફલક કાર્યની યથાર્થતા રજૂઆત મુદ્દાસર હોવી જોઈએ.
- મહત્વના મુદ્દાઓ નીચે લીટી કરવી જોઈએ.
- રંગીન ચોક નો ઉપયોગ કરવો જોઈએ.

## શ્યામ ફલક કાર્ય માટેની કાળજી રાખવાની બાબતો :

- લખાણ લખતી વખતે ફલક અને વિદ્યાર્થીઓ વચ્ચે ન આવવું જોઈએ.
- વર્ગમાં પ્રવેશતી વખતે પ્રથમ દ્રષ્ટિ કાપા પર કરવી જોઈએ.
- વર્ગમાં પ્રવેશીને બોર્ડ સાફ કરવું.
- બોર્ડના ઉપયોગ કર્યા પછી બોર્ડને સાફ કરું.
- અક્ષરો દેખાય તેવા ઘાટા કરવા.
- આત્મવિશ્વાસથી કાપા કાર્ય કરવું.
- ચોક નો અવાજ ન થાય તેની કાળજી રાખવી.
- જોડણીની ભૂલો ન થવી જોઈએ.
- ચોક પર યોગ્ય વજન આપવો.
- બોર્ડ સાફ કરતી વખતે રજકણો ન ઉડે તે રીતે સાફ કરવું.

## સૂદ્રઢીકરણ કૌશલ્ય :

### અર્થ

વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરે તેવા વર્તણો વધારવા અને નીઉત્સાહી કરે તેવા વર્તન ટાડવા જોઈએ.

વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા કે નિરુત શાહી કરવા તેની સાથે સૂરદ્રઢીકરણ કૌશલ્યને સંબધ છે.

"વિદ્યાર્થીઓ વર્ગની પ્રવૃત્તિમાં વધુને વધુ પ્રમાણમાં ભાગ લે તે માટે શિક્ષકે વિદ્યાર્થી પ્રોત્સાહિત થાય તેવી પ્રક્રિયા વધારેમાં વધારે કરવાની તેમજ વિદ્યાર્થીઓ નિવૃતશાહી થાય તે પ્રક્રિયા ઓછામાં ઓછી કરવાનું કૌશલ્ય એટલે રૂદ્રઢીકરણ કૌશલ્યો."

### ઘટકો

- હકારાત્મ સુદ્રઢકો
- શાબ્દિક અસાબ્દિક સુદ્રઢકો
- શાબ્દિક સમુદ્રઢકો

### હકારાત્મ સુદ્રઢકો

વિદ્યાર્થીના વર્તન વ્યવહાર વિચાર કે પ્રતિચારને બનાવવા તેની પ્રશંસા કરતા જે શબ્દનો ઉપયોગ કરવામાં આવે છે તેને હકારાત્મક સ્ત્રોઢકો કહે છે.

દાખલા તરીકે સારું શાબાશ ધન્યવાદ સુંદર સાચું બરાબર આગળ વધો વાહ બિલકુલ સાચો.

**અસાબ્દિક સુદ્રઢકો**

શિક્ષક જ્યારે વર્ગખંડમાં પ્રશ્ન પૂછે છે ત્યારે વિદ્યાર્થીઓ તેનો ઉત્તર આપે છે ત્યારે શિક્ષક કોઈપણ શાબ્દિક ઉચ્ચારણ કરતો નથી

દાખલા તરીકે ...

- પેટ થાબડવી સ્મિત કરવું.
- ખંભે હાથ મૂકો.
- માથું હલાવવું

**નકારાત્મક સુદ્રઢકો**

શાબ્દિક સુધરોઢકો

**શિક્ષક જ્યારે વર્ગખંડમાં વિદ્યાર્થીને પ્રશ્ન પૂછે છે ત્યારે વિદ્યાર્થી ખોટો જવાબ આપે થોડોક સાચો જવાબ આપે બિલકુલ મોણ ઊભો રહે ત્યારે તેને નિરુત્સાહી કરવા માટે શિક્ષક અર્થહીન વિધાનો બોલે તેને નકારાત્મક રુદ્રઢકો કહે છે.**

દાખલા તરીકે...

ખોટું છે.

બેસ બેસ આટલું નથી આવડતું?

ક્યાં ધ્યાન હતો?

શું કરો છો?

ઘરે વાંચતા નથી.

ડોબા જેવા અક્કલ વગરના.

બુદ્ધિ વગરના કઈ આવડતું નથી....

શું કરો છો ગધેડા જેવા ગમાર જેવા શબ્દના ઉચ્ચારણ કરે.

**અસાબ્દિક સુદ્રઢકો**

વિદ્યાર્થીઓ જ્યારે પ્રશ્નોના જવાબો બિલકુલ ખોટા આપે ત્યારે શિક્ષક વિદ્યાર્થીઓના પ્રતિચાર થી સંતોષ મેળવી શકતા નથી ત્યારે અમુક શારીરિક હલન ચલન કરું અસાબ્દિક સુદ્રઢકો તેને કહે છે.

- દાખલા તરીકે...
- આંખો કાઢવી.
- દાંત કચ્કચાવા .
- હાથ પછાડીને બેસાડવા.

- ડસ્ટર પછાડવા .
- ભમર ચડાવી.
- ચોક મારવો.
- માથું હલાવું.
- આંગળી હલાવી.

---

## સ્પષ્ટીકરણ કૌશલ્ય

**અર્થ**

**સામાન્ય રીતે શિક્ષક ખ્યાલ ઘટના કે સંકલ્પનાનો કેમ? શા માટે? કેવી રીતે ?સાથી કે શું? વિશે સમજાવવા પ્રયત્ન કરે છે તેને સ્પષ્ટીકરણ કહેવાય છે.**

**ઉદાહરણ**

- લોકો ઉનાળામાં સફેદ કપડાં પહેરે છે.
- સ્પષ્ટીકરણ એટલે નવી ઘટનાને પૂરવાનો ભાવ સાથે જોડી આ ઘટના અંગે ખૂટતી કડીઓ જોડવી .

**મહત્વ**

- આ કૌશલ્યનો ઉપયોગ કોઈ ઘટના ખ્યાલ વિચારને ધ્યાનમાં રાખી તેની સાથે સંબંધ ધરાવતા વિધાનો રજૂ કરે છે.
- પૂર્વ અનુભવ અને નવી ઘટના વચ્ચે અનુસંધાન કરી શકાય છે.
- ઘટના ખ્યાલ કે વિચારને સરળ બનાવવા સ્પષ્ટતા કરી શકાય છે.
- વિદ્યાર્થીઓની આંતરિક શક્તિનો વિકાસ કરી શકાય છે.

## ઘટકો

પ્રસ્તાવના રૂપ વિધાનોની રજૂઆત વિદ્યાર્થીના પૂર્વજ્ઞાનનો ઉપયોગ કરવામાં આવે છે.

નવા જ્ઞાન અને પૂર્વ જ્ઞાન વચ્ચે અભિસંધાન થાય છે.

શિક્ષકે વિદ્યાર્થીની ઉંમર ધોરણ અને કક્ષાને ધ્યાનમાં રાખી વિધાનોનો ઉપયોગ કરવો જોઈએ.

ઉદાહરણ...

તરીકે આજે આપણે ખરીમાં વિશે ભણીશું

સમજ વિકસાવા કડીરૂપ શબ્દ સમૂહ નો ઉપયોગ શિક્ષક કેટલાક પરિરૂપ શબ્દનો ઉપયોગ કરે છે અને ક્યારેક શબ્દ સમૂહ નો પણ ઉપયોગ કરે છે.

જેમ કે..

તેથી, કારણ કે, પરિણામે, આમ, ના જેવી, આ રીતે, શા માટે?

ત્યારબાદ વગેરે ઉદાહરણ તરીકે લાલ લિટમસ પત્ર પૂરું થાય છે માટે આપેલું પ્રવાહી બેઈઝ છે.

ઉપસંહાર યુક્ત વિધાનો નો ઉપયોગ વર્ગખંડમાં વિદ્યાર્થીઓ સમજ અંગે મહત્વની બાબતો તારવે છે, એ માટે શિક્ષક આવા વિધાનો રજૂ કરે છે.

આમ થવાની મુદ્દાને સ્પષ્ટતા નો અંત આવે છે.

ઉદાહરણ તરીકે...

તમે જોયું કે ગોળો ઠંડો હતો ત્યારે અને ગરમી આપવાથી મોટો થાય છે, લોખંડનો ગોળો એમ કહી શકાય કે ગરમી આપવાથી પદાર્થનું કદ વધે છે, અને ઠંડી આપવાથી સંકોચાય છે.

વિદ્યાર્થીઓની સમજની ચકાસણી કરવી વિદ્યાર્થીઓને કોઈપણ બનાવ કે વિચાર અંગેની સમજ આપ્યા પછી તેની ચકાસણી કરવી જોઈએ.

તેના પરથી વિદ્યાર્થીઓને સમર્થનનો ખ્યાલ આવે છે.

આ માટે શિક્ષકે સળંગ બે ત્રણ પ્રશ્નો વિદ્યાર્થીને પૂછવા જોઈએ.

ઉદાહરણ તરીકે...

આમ કેમ થયું?

શા માટે થયું?.

આનું શું કારણ?

## ઈચ્છાનીય વર્તનો

1. અસંબંધિત વિધાનો કરવા જે વિદ્યાર્થીનો ખ્યાલ કે ઘટના સંબંધિત ગૂંચવાડો ઉભો કરે તેને અસમાન જ વિધાનો કહે છે આવા વિધાનો વિદ્યાર્થીને આડાપાટે લઈ જાય છે તેથી શિક્ષકે આ વિધાનો કરવા નહીં .
2. વિચારો કે માહિતીની રજૂઆત કરવામાં સાતત્ય ન જાળવવું યોગ્ય ક્રમમાં વિચાર અને રજૂઆત થતી નથી. તેને સાતત્ય ભંગ કહેવાય છે.
3. ઉદાહરણ તરીકે જ્યારે નવા વિધાનો તાર્કિક રીતે જોડાયેલા ન હોય ત્યારે .અયોગ્ય શબ્દનો ઉપયોગ કરવો.
4. વિદ્યાર્થીઓને વૈકક્ષાને જ્ઞાન કક્ષા જાણ્યા સિવાય કોઈ અચાનક શબ્દનો ઉપયોગ વિધાનો રજૂ કરતી વખતે શિક્ષકે ન કરવો જોઈએ.
5. ભાષાની પ્રવાહીતાનો અભાવ જ્યારે શિક્ષક અધુરા વાક્યનો ઉપયોગ કરે છે વાક્યમાં આડેધડ ફેરફાર કરે છે ત્યારે ભાષા પ્રવાહીતાનો ભંગ થાય છે જેનાથી વિદ્યાર્થીઓનું ધ્યાન બીજે દોરાય છે અને તેને સમર્થ શક્તિ માં અવરોધ ઊભો કરે છે.
6. ફાલતુ તો કે બિન જરૂરી શબ્દો કે વિધાનો નો ઉપયોગ બિન જરૂરી શબ્દોના કારણે સ્પષ્ટીકરણમાં અડચણ ઊભી થાય છે દાખલા તરીકે કેટલા ઘણા થોડા કદાચ ફરી રીતે મોટા ભાગે મને લાગે છે કે આવા શબ્દ સ્પષ્ટીકરણમાં અવરોધરૂપ બને છે
7. ઉત્તેજના પરિવર્તન કૌશલ્ય અર્થ વિદ્યાર્થીનું ધ્યાન ટકાવી રાખવા માટે શિક્ષકના વર્તનમાં સમજપૂર્વક ફેરફાર કરવાનો કૌશલ્ય એટલે ઉદ્દેશના પરિવર્તન કૌશલ મહત્વ અધ્યયન અધ્યાપન દરમિયાન વિષયવસ્તુ તરફ વિદ્યાર્થીઓનું ધ્યાન કેન્દ્રિત કરી શકાય છે વર્ગખંડનું વાતાવરણ જીવંત બને છે અત્યા પણ કાર્યને અસરકારક બનાવી શકાય તેવી પદ્ધતિ રજૂ કરે છે વિદ્યાર્થીઓની અત્યંત અને વેદ મળે તે માટે વિવિધ પ્રવૃત્તિઓ પૂરી પાડે છે વિદ્યાર્થીની વ્યક્તિગત રસરૂચિ જાણીને તેમણે અધ્યયન પ્રવૃત્તિ બનાવે છે અધ્યાપનને જીવન બનાવી શકાય છે
8. ઉતેશના પરિવર્તન કૌશલ્યના ઉત્તેજકો હલનચલન વર્ગની પાટલી પર બેઠેલો વિજાતી શું કરે છે તે જોવા જવું કાપા પર માહિતી નોંધ કરવા કે આકૃતિ દોરવા જવું કા.પા.નોધ આકૃતિ નકશા chart કે પ્રયોગ નિદર્શન કરવા જવું

9. એક જ સ્થાને એક સ્થિતિમાં લાંબા સમય સુધી ઉભા રહેવાથી સ્થિતિમાંથી ફેરફાર કરવા હલનચલન કરવું
10. હાવ ભાવ શિક્ષકે અધ્યાપન કરતી વખતે માત્ર પથન જ કરવાનું નથી પથથરને બદલે ચહેરા હાથ અને શરીરના હાવ ભાવ સાહિત્ય રજૂઆત દ્વારા પ્રત્યાયન સમૃદ્ધ બને છે આથી જરૂર પડે હાથ માથું ચહેરો પગ વગેરેનો ઉપયોગ કરીને પદ આકાર કે લાગણીની ને અભિવ્યક્તિ કરવી જોઈએ ઉદાહરણ તરીકે હું પછી નાખીશ
11. વાણીમાં આરોહ અવરો શિક્ષકે મૌખિક રજૂઆતને વધુ અસરકારક બનાવવા માટે વાણીમાં યોગ્ય ફેરફાર લાવવા જોઈએ હર્ષ ક્રોધ પીડા ડર વગેરે દર્શાવવા વાણીમાં આરો અવરો હલાવવા જોઈએ
12. ધ્યાન કેન્દ્રીકરણ શાબ્દિક કેન્દ્રીકરણ ધ્યાનથી સાંભળો બરાબર ધ્યાનથી જુઓ આ ચિત્ર જુઓ હવે શું થાય છે તે જુઓ અહીં ધ્યાન આપો હવે મહત્વનું આવે છે હવે શું થાય છે તે વિચારો આ બાજુ જુઓ વગેરે

**અશાબ્દિક કેન્દ્રીકરણ**

- કા.પા. પર આકૃતિ દોરવા.
- નકશામાં પોઈન્ટરથી દર્શાવો.
- મહત્વના લખાણ નીચે લીટી દોરવી.
- કા.પા. નોંધમાં મહત્વના શબ્દો લખવા.
- મહત્વની બાબતો કાપા પર મોટા અક્ષરે લખવી.
- શાબ્દિક અર્થશાબ્દિક સંયુક્ત કેન્દ્રીકરણ કા.પા. પર આકૃતિ દોરી કેવું કે ધ્યાનથી જુઓ.
- આ બાજુ આ ભાગ ધ્યાનથી જુઓ બરાબરને દર્શન કરું અને કહેવું ધ્યાનથી અવલોકન કરો અને અવલોકન નોંધ કરો.
- પાપા પર માહિતી ની નોંધવી અને કહેવું ધ્યાનથી વાંચો.
- ધ્યાનથી નોંધો. .
- ધ્યાન દઈ વિચારો ચાર્ટ નકશા ચિત્ર દર્શાવી કે એવું ધ્યાનથી જુઓ
- વિરામ શિક્ષણની પ્રક્રિયા દરમિયાન શિક્ષક થોડીક ક્ષણો માટે મૌન રાખે છે.
- બોલતા અટકી જાય છે.
- આ ક્રિયાને વિરામ કહે છે.
- **શાબ્દિક અસાબ્દિક પરિવર્તન**
- શાબ્દિક શાબ્દિક પરિવર્તન કથનમાંથી પ્રશ્નોત્તરીમાં ફેરફાર કરો પ્રશ્ન કર્યો માંથી પ્રશ્નમાં ફેરફાર કરો.
- વાંચનમાંથી પ્રશ્ન હતો એમાં ફેરફાર કરો સૂચનામાંથી કથનમાં ફેરફાર કરો.
- શાબ્દિક અસાબ્દિક પરિવર્તન પથન પ્રશ્નોત્તરી સૂચના કે વાંચન પછી ફલકનોંધ ચિત્ર નકશો ચાર્ટ  કે આકૃતિની નજીક જવું કથા પ્રશ્ન તરીકે સૂચના પછી કાપા લખવું.

- અસાબ્દિક અતાબ્દિક શાબ્દિક પરિવર્તન કાપા પર નોંધ કરી પછી પ્રશ્ન પૂછવા પ્રયોગ રજૂ કરી પછી પ્રશ્ન પૂછવા કાપા પર મુદ્દાઓની નોંધ ત્યાં કર્યા પછી કથન કરવું નકશો ચિત્ર કે મોડલ દર્શાવ્યા પછી પ્રશ્ન પૂછવા.

- શાબ્દિક અસાબ્દિક શાબ્દિક પરિવર્તન પથન કરો પછી કાપા પર આકૃતિ દોરવી ત્યાર પછી પ્રશ્ન પૂછવા અને કથન કરો આમ આવા ફેરફાર કરવાથી વિદ્યાર્થીઓનું ધ્યાન કેન્દ્રિત કરી શકાય છે.

સેતુ પાઠ ને સંકલ્પના મહત્વ સંકલ્પના વિદ્યાપીઠ કાપવા રૂઢ્ઢીકરણ ઉદાહરણ વગેરે વગેરે બનાવવામાં આવે છે આમ તમામ કોથળીઓમાં સમાયોજન અને ચતુર કહે છે મેક્રોટીચિંગ ની કેટલીક મર્યાદાઓ જેવી કે ઓછો સમય વિદ્યાર્થીમિત્રો વગેરેને દૂર કરી શકાય છે તો બને છે એક સાથે વિવિધ કરીને તાલીમ માટે સેતુભા નો આયોજન કરે છે વર્ક કરવા વાસ્તવિક અધ્યાપન કાર્યનો અનુભવ મેળવી શકાય છે તાલીમમાંથી આટલો વિશ્વાસ વધે છે

## સેતુ પાઠ (Bridge Lesson) :

"સેતુ પાઠને સંક્ષિપ્ત અધ્યાપન કે મિનિટીચિંગ પણ કહે છે.'

સેતુ પાઠનો ઉદ્દભવ માઈક્રોટીચિંગના પાંચ/સાત મિનિટના પાઠ દ્વારા કોઈ વિશિષ્ટ અધ્યાપન કૌશલ્યની તાલીમ મેળવી લીધા પછી, આવાં અનેક અધ્યાપન કૌશલ્યોનો છૂટા પાઠમાં ચાલીસ મિનિટન પાઠમા ઉપયોગ કરતાં શીખવા માટે થયો છે.

**(૧) સેતુ પાઠની સંકલ્પના** :

- સેતુ પાઠનું કાર્ય સૂક્ષ્મ અધ્યાપન (Micro-Teaching) અને છૂટા પાઠ (Stray Lesson) વચ્ચેની ખાઈ (Gap) પૂરવાનું છે.
- માઈક્રોટીચિંગ પાઠમાં પાંચ/સાત મિનિટમા કોઈ એક અધ્યાપન કૌશલ્ય ઉપર પ્રભુત્વ મેળવવા થોડું વિષયવસ્તુ લઈને કૃત્રિમ વર્ગખંડ પરિસ્થિતિમાં પ્રયત્ન કરવામાં આવે છે.
- અધ્યાપક અને અન્ય નિરીક્ષકો તાલીમાર્થિને પ્રતિપોષણ આપે છે.
- તેમાં પુનરાવર્તિત પાઠ પ્રક્રિયા દ્વારા કૌશલ્ય ઉપર પ્રભુત્વ મેળવવા પ્રયત્ન થાય છે.
- માઈક્રોટીચિંગમાં ઓછો સમય, ઓછું વિષયવસ્તુ, કોઈ એક જ અધ્યાપન કૌશલ્યની તાલીમ કૃત્રિમ વર્ગખંડ પરિસ્થિતિ (Simulation) હોય છે, જ્યારે છૂટો પાઠ (Stray Lesson) ખરેખર વર્ગખંડ પરિસ્થિતિમાં તમામ અધ્યાપન કૌશલ્યોનો સુસંકલિત ઉપયોગ કરીને વધુ વિષયવસ્તુ શીખવવા, વધુ સમય (૪૦ મિનિટ) લઈને આપવામાં આવે છે.
- માઈક્રોટીચિંગ અને છૂટા પાઠ વચ્ચેના તફાવતની આ ખાઈ પૂરવા માટે કૃત્રિમ વર્ગખંડ પરિસ્થિતિમાં ૨૦ મિનિટ જેટલો સમય લઈને વિવિધ અધ્યાપન કૌશલ્યોનો સુસંકલિત અને અસરકારક ઉપયોગ કરવાની તાલીમ આપવા માટેનો પાઠ એ સેતુ પાઠ છે.

**"સેતુ પાઠ માઈક્રોટીચિંગ અને છૂટો પાઠ (તાસ પાઠ) એ બે વચ્ચે જે ખાઈ છે તે પસાર કરવાનો આધાર કે સેતુ (પુલ) પૂરો પાડવાનું કાર્ય કરે છે. તેથી તેને સેતુ પાઠ કહેવાય છે.'**

**"સેતુ પાઠ એ માઈક્રોટીચિંગ દ્વારા શીખેલાં અધ્યાપન કૌશલ્યોનો વાસ્તવિક વર્ગખંડ પરિસ્થિતિમાં ઉપયોગ કરતાં શીખવવા માટેનો પાઠ છે. તે કૃત્રિમ વર્ગખંડ પરિસ્થિતિમાં લેવાય છે. તેનો સમય માઈક્રોટીચિંગ કરતાં વધુ અને છૂટા પાઠ કરતાં ઓછો હોય છે.''**

**(૨) સેતુ પાઠની આયોજન નોંધ** :

- દરેક શિક્ષણ મહાવિદ્યાલય પાઠ આયોજન નોંધ માટે પોતાનું માળખું વિકસાવે છે.
- સેતુ પાઠનું એક માળખું આયોજન નોંધ સહિત અત્રે પ્રસ્તુત છે :

શ્રીમતી એમ. એમ. શાહ કોલેજ ઓફ એજ્યુકેશન, વઢવાણ શહેર સેતુ પાઠ આયોજન (Bridge Lesson Planning)

પાઠ ૧

તાલીમાર્થીનું નામ :

વિષય : અર્થશાસ્ત્ર

વિષયાગ : બજારના પ્રકારો

તારીખ : ૨૧/૭/૨૦૦૦

ધોરણ : ૧૧

પાઠ : સેતુ પાઠ ૧

આયોજન

વિશિષ્ટ હેતુઓ :

૧. તાલીમાર્થી નીચેનાં કૌશલ્યોનો સુસંકલિત ઉપયોગ કરી શકે :

(૧) વિષયારંભ (S) (૩) સુદૃઢીકરણ (S3)

(૨) પ્રશ્નપ્રવાહિતા (S.)

(૫) ઉદાહરણ (S)

(૪) સ્પષ્ટીકરણ (Sx) (૬) ઉત્તેજના પરિવર્તન (S૬)

(૭) કા.પા. કાર્ય (S)

૨. તાલીમાર્થી ઉપરોક્ત કૌશલ્યોનો ઉપયોગ કરી અસરકારક અધ્યાપન કરવાનું કૌશલ્ય કેળવે.

કાર્ય પદ્ધતિ

---

(૧) પ્રશ્નોત્તરી

(૨) કથન

(૩) ચર્ચા

પુસ્તકનું નામ

૧. અર્થશાસ્ત્ર, ધો. ૧૧

શૈક્ષણિક સામગ્રી

(૧) ચૉક, ડસ્ટર, રંગીન ચૉક

(૨) વીંટાળ ફલક

(૩) પોઇન્ટર

સંદર્ભ પુસ્તકો

ગુજરાત રાજ્ય શાળા પા. પુ. મંડળ ૨. અર્થશાસ્ત્ર અધ્યાપનનું ડૉ. મોતીભાઈ અને અન્ય

પરિશીલન

લેખક પ્રકાશન

શૈક્ષણિક સોપાન

શૈક્ષણિક મુદ્દા

શૈક્ષણિક હેતુઓ

શિક્ષકની પ્રવૃત્તિ

કૌશલ્ય કેન્દ્રિત વર્તન

વિદ્યાર્થીની પ્રવૃત્તિ

પૂર્વ-પૂર્વજ્ઞાન

તૈયારી

પ્રારંભ

૧. વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનનો ઉપયોગ કરવો.

(શિક્ષક નીચે મુજબ પ્રશ્નો પૂછીને વિષયારંભ કરશે) ૧. બજાર એટલે શું ?

UNIT NO. 3 **અર્થશાસ્ત્ર અધ્યાપનની પધ્દ્તિઓ અને પ્રયુક્તિઓ :**

## ø કથન પદ્ધતિ :

- આ પ્રયુક્તિ ખૂબ પ્રાચીન સમયથી ચાલી આવે છે.
- જ્યારે મુદ્રણાલયો શોધાયાં ન હતાં અને ગ્રંથો પ્રાપ્ય ન હતા ત્યારે કથન પદ્ધતિ જ વધુ ઉપયોગમાં લેવાતી.
- કેટલાક કથનને વ્યાખ્યાન પણ કહે છે.
- બાળકો સમક્ષ વિષય રજૂ કરવાની સહેલામાં સહેલી રીત કથન છે.
- આમ તો કોઈ પણ વિષયના શિક્ષણમાં થોડું કથન તો આવવાનું જ, પણ સમગ્ર શિક્ષણ કથનપ્રધાન બની જાય.
- તો એક ધ્રુવી પ્રક્રિયાને કારણે વર્ગમાં નિષ્ક્રિયતા આવી જાય.
- કથન અસરકારક રીતે પ્રયોજાય તો ખૂબ ઉપયોગી થાય છે.
- ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ કથનનું ખૂબ મહત્ત્વ છે.
- છતાં કેળવણીકારો વધુ પડતા કથનની તરફેણમાં નથી.
- સામાન્ય રીતે સમાજવિદ્યા, સામાન્ય વિજ્ઞાન, ગણિત જેવા વિષયોમાં કથનપદ્ધતિનો ઠીક ઠીક ઉપયોગ થાય છે.
- ઈતિહાસમાં તે વધુ અસરકારક નીવડે.
- લાંબા અભ્યાસક્રમોને પહોંચી વળવા શિક્ષક આ પદ્ધતિ પસંદ કરે છે.

શિક્ષક જો કથનને કુશળતાપૂર્વક ખીલવે તો અવશ્યક અસરકારક બને.

કર્ણપ્રિય અવાજ, સુશ્રાવ્ય અવાજ, યોગ્ય આરોહ-અવરોહ, ભાષાની પ્રવાહિતા, અભિનયયુક્ત કથન, કથા અનુસાર કથન, ક્રમિક રજૂઆત વગેરે બાબતો મહત્ત્વનો ભાગ ભજવે છે. કથન સાથે આ બધી બાબતો હોય તો કથન અસરકારક બને છતાં તેનો અતિરેક ઈચ્છનીય નથી.

બિનઅનુભવી અને બિનઆવડતવાળા શિક્ષકો હાથમાં આ સાધન ખતરાવાળું છે. શિક્ષક જો અનુભવી વિષયનો નિષ્ણાત હોય તો તે કથનને સુંદર ઓપ આપી શકે છે. નવી વિગતો રજૂ કરવામાં પાઠ્યપુસ્તકમાં આપેલી વિગતો સ્પષ્ટ કરવામાં, સૂચનો કરવામાં કથન અનિવાર્યપણે આવી જાય છે.

• લાભ :

- શિક્ષક પાસે લાંબો અભ્યાસક્રમ હોય તો યથાસમય પૂરો કરી શકાય છે.
- શિક્ષકને વિદ્વતા બતાવવાની તક મળે છે.
- વિષયાંગની રજૂઆતમાં નવી બાબતો કહી શકાય છે.
- સારા કથનથી શિક્ષકની સુંદર છાપ ઊભી થાય છે.
- થોડા સમયમાં ઘણા વિચારો વર્ગ સમક્ષ મૂકી શકાય છે.

• ગેરલાભ :

- કથનથી બાળકો ભાગ્યે જ શીખે છે. બાળકો લાંબો સમય એકાગ્ર થઈ શકતાં નથી.
- શિક્ષકે જ બોલવાનું હોઈ બાળકો નિષ્ક્રિય રહે છે.
- કથન ક્યારેક સમયનો બગાડ કરે છે.
- વિદ્યાર્થીઓ શિક્ષકના વ્યાખ્યાનમાં ધ્યાન આપી રહ્યા છે એવો ઢોંગ કરી શિક્ષકને છેતરે છે.
- કંટાળાજનક કથનથી વિષય અને શિક્ષક બંને તરફ ઘૃણા થાય છે.

**• વર્ગશિક્ષણમાં વિનિયોગ :**

નીચલાં ધોરણોમાં કથનપદ્ધતિમાં વાર્તાતત્ત્વ ઉમેરવામાં આવે છે,

જ્યારે ઉપલાં ધોરણોમાં વર્ણન અને વાતચીતનું તત્ત્વ ઉમેરવામાં આવે અને વચ્ચે ક્યાક પ્રશ્નો મૂકવામાં આવે તો કથનપદ્ધતિ ખૂબ અસરકારક બની જાય.

અલબત્ત, આ માટે શિક્ષક પાસે સંદર્ભ ફકરાઓ, સંદર્ભ માહિતી, પ્રસંગો, ઉદાહરણો હોવાં જોઈએ.

આ રીતે તુલનાત્મક પદ્ધતિ વિદ્યાર્થીઓને માત્ર જ્ઞાન નહિ, પણ જે તે વિષયમુદ્દાની માહિતીના તાણાવાણા છૂટા કરતાં બે માહિતી વચ્ચે સંબંધ સ્પષ્ટ કરતાં કે કોઈ એક જ વસ્તુની વિવિધ તુલનાત્મક દૃષ્ટિએ તેના યથાર્થ સ્વરૂપે સમજ મેળવતાં શીખવે છે. આ દૃષ્ટિએ તુલનાત્મક પદ્ધતિનો ઉપયોગ આવકાર્ય બન્યો છે.

## 2. આધાર પદ્ધતિ :

- આધાર પદ્ધતિ ખાસ કરીને ઇતિહાસ અને ભૂગોળ જેવા સામાજિક વિજ્ઞાનના શિક્ષણ માટે અગત્યની છે.
- એનું કારણ એ છે કે બંને વિષયોમાં જરૂરી દસ્તાવેજી આધારો મળી રહે છે.
- જે તે સમયના લોકજીવનની ચર્ચા માટે દસ્તાવેજી આધારોનો ઉપયોગ કરી શિક્ષણને અસરકારક બનાવી શકાય છે.
- ઇતિહાસ શિક્ષણમાં દસ્તાવેજી આધાર પદ્ધતિ (Source Method) અગત્યનું સ્થાન ધરાવે છે.

**અર્થશાસ્ત્રમાં આધારપદ્ધતિનો ઉપયોગ કેટલીક બાબતોમાં કરી શકાય છે.**

- અર્થશાસ્ત્ર પણ સામાજિક વિજ્ઞાન છે અને હંમેશાં પરિવર્તન પામતું શાસ્ત્ર છે.
- કેટલાક મુદ્દાઓ જેવા કે... નાણું, શાખી સાધનો, મનુષ્યની આર્થિક પ્રવૃત્તિ, ઉદ્યોગો તથા તેનો વિકાસ, અંદાજપત્ર વગેરે બાબતે આ પદ્ધતિ ઉપયોગમાં લઈ શકાય છે.

---

- કોઈ પણ લેખક ભૂતકાળમાં જઈ શકતો નથી એટલે જેઓએ તે કાળના બનાવોને ઘડયા કે જોયા હોય તેની તેઓએ જે નોંધ રાખેલી હોય તેના પર લેખકને આધાર રાખવો પડે છે.
- આધુનિક યુગમાં કાગળ પર લખાયેલા અને પ્રાચીન કાળમાં તાંબાના પતરા પર કે શિલાઓ પર લખાયેલા લેખો ઇતિહાસના મુખ્ય આધારો છે, પરંતુ આ લખાણો સિવાય સિક્કાઓ, સ્તંભો, ઇમારતો વગેરેનો પણ ઇતિહાસકાર ઉપયોગ કરે છે.

- ઇતિહાસ-ભૂગોળ વગેરે વિષયોમાં દસ્તાવેજી આધારો ખૂબ સહેલાઈથી મળી રહે છે. તથ્યો સ્પષ્ટ કરવા માટે શિક્ષક કથનને બદલે આધારો રજૂ કરી શકે છે.

**અર્થશાસ્ત્રમાં વિવિધ દસ્તાવેજી આધારો** :

- સામાન્ય રીતે અમુક જ એકમોમાં દસ્તાવેજી આધારો પ્રાપ્ય હોય છે,
- જેમ કે નાણાંનો એકમ શીખવતી વખતે અથવા બેંકિંગ અંગેનું પ્રકરણ શીખવતી વખતે નાણાંની ઉત્ક્રાંતિ અને બેંકિંગ પદ્ધતિની ઉત્ક્રાંતિનો ઉલ્લેખ કરી શકીએ.
- આ ઉપરાંત અર્થશાસ્ત્રમાં દસ્તાવેજી આધાર તરીકે લેખિત નોંધો લઈ શકાય.
- લેખિત નોંધોમાં દસ્તાવેજો, પ્રાચીન તવારીખો, સમાચારપત્રો, પોસ્ટરો, રોજનીશી, પંચવર્ષીય યોજનાના હેવાલો, ડ્રાફ્ટ પ્લાન વગેરેનો ઉપયોગ કરી શકાય છે.
- ઉપરાંત પ્રાચીન સિક્કાઓ પણ અભ્યાસના દસ્તાવેજી આધાર તરીકે લઈ શકાય.
- પ્રાચીન અને અર્વાચીન અવશેષો, નમૂનાઓ વગેરે પણ આધાર તરીકે ઉપયોગમાં લઈ શકાય.
- અર્થશાસ્ત્રના શિક્ષકે પોતાના દૈનિક શિક્ષણકાર્યમાં દસ્તાવેજી આધારોનો ઉપયોગ કરી શિક્ષણકાર્યને રસપ્રદ બનાવવું જોઈએ.
- શિક્ષક અર્થશાસ્ત્રનો ''નાણું અર્થ અને મહત્ત્વ" એકમ શીખવતી વખતે આ પદ્ધતિનો ઉપયોગ કરવા માગે છે.
- આ વખતે શિક્ષક પ્રાચીન સિક્કાઓ કે જે અગાઉ નાણાં તરીકે ચાલતાં તેનો ઉપયોગ કરી શકે છે. સૌપ્રથમ મૂલ્યવાન પથ્થરો, ચામડું, ઢોર વગેરે વસ્તુઓ જ નાણાં તરીકે વિનિમયના માધ્યમ તરીકે હતો. ધીરે ધીરે તેના સ્થાને સિક્કાઓ આવ્યા.
- ત્યાર બાદ...
- ચલણી નોટો આવી અને શાખી સાધનોનો વિકાસ થયો.
- હવે પછી કદાચ કામ્પ્યુટરા મારફત બધાની આવક અને ખર્ચનો હિસાબ થયા કરશે એવી આગાહી અમેરિકાના જ્યોર્જ મિચેલે કરી છે.
- ખામ નાણાંની ઉત્ક્રાંતિનો ખ્યાલ આ પદ્ધતિ દ્વારા શિક્ષક સારી રીતે આપી શકશે.
- એ જ રીતે શાખી સાધનોના એકમને શીખવતી વખતે પણ શિક્ષક ચેકના જુદા જુદા નમૂના, બેરર ચેક, ઓર્ડર ચેક, ક્રોસ્ડ ચેક, ડ્રાફ્ટ વિનિમય પત્ર, હૂંડી વગેરેના નમૂનાઓ આધાર તરીકે રજૂ કરી શકશે.
- ઉપરાંત શિક્ષકે શક્ય હોય તો મ્યુઝિયમની મુલાકાત પણ ગોઠવી શકે. જ્યાં તેમને જરૂરી માહિતી ઉપલબ્ધ બની શકે છે.
- ઇતિહાસની જૂની નોંધો, રોજનીશી, રોજના હિસાબો જેવા દસ્તાવેજો પરથી તે વખતના વસ્તુઓના બજારભાવ અને અત્યારના બજારભાવની તુલના થઈ શકે છે.

**આધાર પદ્ધતિના ફાયદાઓ :**

(૧) 'રોજબરોજની વ્યાખ્યાન પદ્ધતિને બદલે શિક્ષકે ઓછું બોલવું જોઈએ.'' તે ઉદ્દેશ સિદ્ધ થાય છે.

(૨) જે તે સમયના લેખકોએ લખેલ હકીકતનો અને તેમણે કરેલ વિવેચનનો અભ્યાસ થઈ શકે છે.

(૩) શિક્ષણ રસપ્રદ બને છે.

(૪) શિક્ષણકાર્યમાં વિદ્યાર્થીના સક્રિય સહકારનો અવકાશ રહે છે.

(૫) વિદ્યાર્થીઓની માનસિક શક્તિનો વિકાસ થાય છે.

(૬) વિદ્યાર્થીઓ કલ્પના કરે, તુલના કરે, અનુમાન કરે, સામાન્યીકરણ કરે, સંબંધ જુએ વગેરે શક્તિઓનો વિકાસ થાય છે.

(૭) ભૂતકાળ સાથે એકતા સાધે છે.

(૮) વિદ્યાર્થીઓમાં સમીક્ષાત્મક દૃષ્ટિ ખીલે છે.

♦ **મર્યાદાઓ** :

(૧) જો આધાર દ્વારા પૂરતી માહિતી ન મળે તો તે સાધન ઉપકારક ન બને.

(૨) અર્થશાસ્ત્રને લગતા દસ્તાવેજી આધારો મેળવવા અઘરા હોય છે. બધી શાળાઓ કે બધા શિક્ષકોને અર્થશાસ્ત્રના એકમોને અનુરૂપ આધારો મળતા નથી અથવા સંદર્ભ ક્યાંથી મળે તેનો ખ્યાલ હોતો નથી.

(૩) સંદર્ભો મળે ત્યારે પણ કુશળતાપૂર્વક ઉપયોગ કરવાની ક્ષમતા ન હોય તો પદ્ધતિ નકામી બને.

(૪) દસ્તાવેજો અને સાધનોનો અભ્યાસ સમય માગી લે છે. નિયત અભ્યાસક્રમ ચોક્કસ મુદતમાં પૂરો કરવાનો હોય ત્યારે આ પદ્ધતિ મુશ્કેલ બને છે.

## 3. પ્રોજેક્ટ પદ્ધતિ :

• **ભૂમિકા** :

- ચીલાચાલુ વર્ગશિક્ષણની મર્યાદાઓમાંથી પ્રોજેક્ટ પદ્ધતિનો મૂળ વિચાર આપ અમેરિકન મહાન વ્યવહારવાદી શિક્ષણશાસ્ત્રી જ્હોન ડ્યૂઈ છે
- જ્હોન ડ્યૂઈએ ક્રિયા દ્વારા શિક્ષણ, અનુભવ દ્વારા શિક્ષણનો વિચાર રજૂ કર્યો.
- શાળા એક સમાજ છે.
- તેથી બાળકને શાળામાં પણ સમાજ જેવા અનુભવો આપવાની તેમણે હિમાયત કરી
- . તેમણે સમાજમાં થતી પ્રવૃત્તિઓ શાળામાં કરવાની હિમાયત કરી.
- ડ્યૂઈએ ૧૮૯૬માં ચિકાગો ખાતે શિક્ષણને પ્રયોગવા માટે એક શાળા શરૂ કરી.
- નામ પણ કેવું ? પ્રયોગશાળા. (Laboratory school).

- આ પ્રયોગશાળામાં પ્રોજેક્ટ પદ્ધતિનું કંઈક સ્વરૂપ તૈયાર થયું, પણ તે વખતે તેમણે પ્રોજેક્ટ પદ્ધતિ એવું નામ નહોતું આપ્યું.

- ડબ્લ્યૂઈના વિચારોને પદ્ધતિના સ્વરૂપમાં ઢાળવાનું કામ, મૂર્ત સ્વરૂપ આપવાનું કાર્ય તથા એ વિચારોને વૈજ્ઞાનિક સ્વરૂપ આપી વિકસાવવાનું કાર્ય વિલિયમ કિલપેટ્રિકે કર્યું.
- તેણે '"પ્રોજેક્ટ પદ્ધતિ"નું નામકરણ કર્યું.
- ત્યાર પછી પાર્કર, ડેવી, મેરિયન, સ્ટીવન્સ, બેલાર્ડ અને બર્ટન જેવાઓએ તેના વિકાસમાં ખૂબ ભાગ ભજવ્યો.
- ૧૯મી સદીમાં સમગ્ર વિશ્વ પર ડ્યૂઈની આ પદ્ધતિ વાદળોની જેમ છવાઈ ગઈ. ક્રિયા દ્વારા શિક્ષણનો સિદ્ધાંત બધે ગાજતો થઈ ગયો.

**♦પ્રોજેક્ટ પદ્ધતિની સંકલ્પના :**

જુદા જુદા શિક્ષણ ચિંતકોએ પ્રોજેક્ટની જે જુદી જુદી વ્યાખ્યાઓ આપી છે તેમાંથી જ તેની સંકલ્પના સ્પષ્ટ થઈ જશે :

"પ્રોજેક્ટ એક ઉદ્દેશ્યપૂર્ણ કાર્ય છે, જેને સહકાર-સદ્ભાવનાઓથી બાળક સ્વેચ્છાથી પૂર્ણ કરવાનો પ્રયાસ કરે છે.' રાયબર્ન

"પ્રોજેક્ટ એ કુદરતી વાતાવરણમાં થતું કાર્ય સમસ્યાઓનો ઉકેલ શોધવાનું છે.' સ્ટીવન્સ

"શાળામાં આયાત થયેલો વાસ્તવિક જીવનપ્રવૃત્તિનો એક અંશ એટલે પ્રોજેક્ટ.' - બેલાર્ડ -

''જ્યારે બાળકને કોઈ સમસ્યા એટલી મહત્ત્વની અને જરૂરી લાગે કે જેથી તે સિદ્ધ કરવા મુક્ત અને નૈસર્ગિક વાતાવરણમાં સ્વપ્રયત્ને કાર્ય કરી એ સમસ્યાને પૂર્ણ કરે ત્યારે એ સમસ્યા પ્રોજેક્ટ બની જાય છે.'' બર્ટન

''સામાજિક પરિસ્થિતિમાં હેતુપૂર્વકની સહૃદયતાપૂર્વક ચાલતી હેતુપૂર્ણ પદ્ધતિ એટલે પ્રોજેક્ટ'' ક્લિપેટ્રિક

આમ જોઈએ તો પ્રોજેક્ટ પદ્ધતિમાં હેતુ, ક્રિયાશીલતા, વાસ્તવિકતા, સ્વતંત્રતા, અનુભવ અને ઉપયોગિતાના સિદ્ધાંતો સમાયેલા છે.

---

## .. મહત્ત્વ :

(૧) પ્રોજેક્ટ પદ્ધતિમાં વૈયક્તિક તફાવતોના શિક્ષણની તક મળે છે.

વિદ્યાર્થીઓને વ્યક્તિગત રીતે કઈ કરવાની, શિક્ષણ મેળવવાની તક મળે છે.

(૨) વિદ્યાર્થીઓને સ્વઅધ્યયનની ટેવ પડે છે.

(૩) વિદ્યાર્થીએ મેળવેલ માહિતીનો નવી પરિસ્થિતિમાં કેવી રીતે ઉપયોગ કરવો તે પણ શીખે છે.

તે વ્યાવહારિક જ્ઞાન મેળવે છે.

(૪) જ્ઞાન મેળવવાનાં અન્ય માધ્યમો જેવાં કે વર્ગ, શાળા, પુસ્તકાલય, વર્તમાનપત્રો,સામયિકો, વ્યક્તિઓ, સ્થળો, પ્રવાસ-મુલાકાતોનો ઉપયોગ કઈ રીતે કરવો તે જાણે છે.

(૫) પોતે મેળવેલ માહિતી મૌખિક, લેખિત કે કઈ રીતે રજૂ કરવી જેથી તે સુરુચિવાળી બને અને અન્યને ભોગ્ય બને તેની સુંદર તાલીમ મળે છે.

(૬) રોજબરોજના શિક્ષણને તત્કાલીન પ્રશ્નો સાથે સાંકળી યોગ્ય પશ્ચાદ્ ભૂમિકામાં ભાગ મેળવી શકે.

(૭) રોજના વર્ગશિક્ષણમાં જ્ઞાનભાર માત્ર આપીએ છીએ. તેને બદલે અહીં વિદ્યાર્થીને જીવન જીવવાની કલા હસ્તગત થાય છે.

(૮) વિદ્યાર્થીઓ જૂથ અભ્યાસ કરી એકબીજાની નિકટ આવે, વિચારોનું આદાન-પ્રદાન કરે, સહકારની ભાવના ખીલવે, ચર્ચા-વિચારણા કરે, સામાનાં મંતવ્યોને માન આપતાં શીખે, પોતાનો વિરોધ યોગ્ય કથનથી રજૂ કરે જેવા અનેક લાભ જૂથકાર્યને કારણે મળે.

(૯) વાચન, લેખન, તારવણી, નકશાસર્જન, નમૂના બનાવવા, ચાર્ટ બનાવવા, દોરવા, ચિત્રો બનાવવાં, પ્રદર્શન ભરવું, આયોજન કરવું, સંગઠન જેવાં અનેક કૌશલ્યો ખીલે છે, સર્જનાત્મક શક્તિ વિકસે છે. ૯૦ સોપાનો :

**<u>પ્રોજેક્ટની વ્યાવહારિક ભૂમિકા જોતાં નીચે પ્રમાણેનાં મુખ્ય છ સોપાનોમાં તેને વહેંચી શકાય :</u>**

## (૧) યોગ્ય પરિસ્થિતિનું નિર્માણ :

વિદ્યાર્થીની જરૂરિયાત, રુચિ, શક્તિ અનુસાર વાતચીત, ચર્ચા, ચિત્રદર્શન, પ્રશ્નો, કથન, પ્રવાસ-પર્યટન દ્વારા પરિસ્થિતિ ઊભી કરી શકાય. જે પરિસ્થિતિ ઊભી કરાય તે વધુ તીવ્ર, વધુ જરૂરી, વધુ સામાજિક હોય. જીવનની સમસ્યાઓ જરૂરિયાતમાંથી ઊભી થાય છે. તે અનુસાર અહીં વિદ્યાર્થીઓમાં જરૂરિયાતનું પર્યાવરણ ઊભું કરવું જોઈએ, જેથી વિદ્યાર્થીઓ જાતે તે માટે તૈયાર થાય. સમસ્યા પોતે જ રજૂ કરે.

## (૨) પ્રોજેક્ટની પસંદગી :

પ્રોજેક્ટની પસંદગી ઉત્સાહી શિક્ષક જાતે જ કરી નાખે તે હિતાવહ નથી. પ્રોજેક્ટની દરખાસ્ત વિદ્યાર્થીઓ તરફથી થવી જોઈએ. તેનું નિશ્ચિત શૈક્ષણિક મૂલ્ય હોવું જોઈએ. પ્રોજેક્ટ તંદુરસ્ત પડકાર ઊભો કરે તેવો હોવો જોઈએ. તે વાસ્તવિક જરૂરિયાતોમાંથી ઉદ્ભવતો હોવો જોઈએ.

## (૩) આયોજન ખૂબ મહત્ત્વનું સોપાન છે.

આ આયોજન પણ વિદ્યાર્થીઓની સક્રિયતાથી કરવાનું છે :

**(અ)હેતુઓ** :

વિદ્યાર્થીઓને આનાથી શો લાભ થશે, તેમની કઈ શક્તિઓ ખીલશે તે નક્કી કરવું.

**(બ) વિષયવસ્તુ** :

જે વિભાગમાં પ્રોજેક્ટ હાથ ધરવાનો હોય તે વિષયના કોઈ એ ચોક્કસ અંગનાં વિવિધ પાસાં ક્યાં ક્યાં છે તેનો વિગતવાર મુદ્દાસર ખ્યાલ કરવો.

**(ક) જૂથ રચના** :

વિષયવસ્તુને ચાર, પાંચ કે સાત જૂથોમાં વહેંચી નાખી તે અનુસાર સમગ્ર વર્ગનાં જૂથો પાડવા. દરેક જૂથના નેતા નક્કી કરવા.

**(ડ) જૂથ કાર્ય** :

દરેક જૂથ પોતાના મુદ્દા અનુસાર નીચેના જેવી પ્રવૃત્તિઓ કરીને અધ્યયન અનુભવો મેળવશે :

વાચન

લેખન

સ્ક્રેપબુક

ફિલ્મસ્ટ્રિપ જોવી

મોજણીકરણ

માહિતી સંગ્રહ

નિરીક્ષણ

ચિત્રકામ કરવું

મુલાકાતો ગોઠવવી

અવલોકન

ચર્ચા કરવી

નમૂનાસંગ્રહ

**(ઈ) શૈક્ષણિક સંદર્ભસામગ્રી** ઃ

જે મુદ્દા કે સમસ્યાનો અભ્યાસ કરવાનો છે માટેની શૈક્ષણિક સામગ્રી કયાંથી મળશે તે નક્કી કરવું જોઈએ. જેમ કે તે

પુસ્તકો

રેડિયોસ્થાન

ચિત્રો

પ્રવૃત્તિ

નમૂનો

પોસ્ટર્સ

ચાર્ટ્સ

વર્તમાનપત્રો

નકશા

ફિલ્મસ્ટ્રિપ

વિશિષ્ટ અંકો

સ્થાનિક સંસ્થાઓ સ્થાનિક વ્યક્તિઓ સંગ્રહસ્થાન

**(૪) અમલ** :

આટલું વિગતે આયોજન થયા પછી વિદ્યાર્થીઓ જાતે જ નક્કી કરેલા તાસોમાં, સમયમાં, જૂથોમાં વહેંચાઈને પ્રવૃત્તિમય બનશે. શિક્ષક વિદ્યાર્થીઓને જરૂરિયાત જણાય ત્યાં જ આંગળી ચીંધશે. તે પોતે પણ આ પ્રવૃત્તિમાં સક્રિય ભાગીદાર હોય તેમ વર્તશે. દિગ્દર્શકની જેમ નક્કી કરેલા સમયમાં પ્રવૃત્તિ થાય તે ખાસ જોવું. વિદ્યાર્થીઓ જાતે શોધશે, કરશે, મેળવશે.

**(૫) જૂથ અહેવાલ** :

દરેક જૂથનો રાઈટર જૂથની ચર્ચા-પ્રવૃત્તિ થાય તે દરમિયાનનો હેવાલ લખશે. દરેક જૂથ સમક્ષ તે અહેવાલ વંચાશે. સુધારાવધારા થયા પછી સમગ્ર પ્રવૃત્તિનો જૂથ હેવાલ તૈયાર થશે. પ્રવૃત્તિના અંતે સમગ્ર વર્ગમાં દરેક જૂથના નેતા પોતાનો હેવાલ વાંચશે. વર્ગ તેના પર ચર્ચા કરશે.

**(૬) મૂલ્યાંકન** :

પ્રોજેક્ટ શરૂ થાય ત્યાંથી અંત સુધી મૂલ્યાંકન સતત થતું રહે.

જેમ કે

પ્રોજેક્ટ ચાલે તે દરમિયાન શિક્ષક વિદ્યાર્થીની ખાસિયાતો, સ્વભાવ, ખંત, સહકારની નોંધ રાખી મૂલ્યાંકન કરશે.

વિદ્યાર્થીએ જે રચનાત્મક કાર્ય કરી નમૂના બનાવ્યા છે તેના પરથી મૂલ્યાંકન કરશે. મૂલ્યાંકન કસોટીઓ જેમાં નિબંધપ્રશ્નો, ટૂંકજવાબી પ્રશ્નો, વસ્તુલક્ષી પ્રશ્નો દ્વારા ટેસ્ટ લઈને.

આ છે સોપાનોમાં પ્રોજેક્ટ વહેંચી શકાય, પરિસ્થિતિ અનુસાર તેમાં ફેરફાર કરી શકાય.

અર્થશાસ્ત્ર વિષયમાં પ્રોજેક્ટ પદ્ધતિનો નમૂનો : ''ભારતમાં નીચી કૃષિ ઉત્પાદકતાની સમસ્યા,''

(સમય : ચાર સપ્તાહ)

ધોરણ ૧૨

પ્રોજેક્ટનાં સોપાન :

(૧) યોગ્ય પરિસ્થિતિનું નિર્માણ :

શિક્ષક વાતચીત ચર્ચા દ્વારા વિદ્યાર્થીઓને પ્રેરણા ઉત્તેજના પૂરી પાડીને પ્રોજેક્ટ માટેની જરૂરિયાતોનું વાતાવરણ તૈયાર કરશે. તે માટે તે નીચેના જેવા પ્રશ્નો પૂછશે :

ભારતમાં મોટા ભાગના લોકોનો મુખ્ય વ્યવસાય શો છે ?

મુખ્ય વ્યવસાય ખેતી હોવા છતાં હજુ ભારતમાં અનાજની તંગી કેમ પ્રવર્તે છે ?

ઓછું અન્ન ઉત્પાદન થવાનાં કયાં કારણો હોઈ શકે ?

- ભારતમાં ખેતીક્ષેત્રે નીચી ઉત્પાદકતાની પ્રાથમિક ચર્ચા કરી શિક્ષક પ્રોજેક્ટ માટેની

ભૂમિકા પૂરી પાડશે.

(૨) પ્રોજેક્ટની પસંદગી :

વિદ્યાર્થીઓના સહકારથી પ્રોજેક્ટની પસંદગી થશે. 'ભારતમાં નીચી કૃષિ ઉત્પાદકતાની સમસ્યા."

(તાસ બારનો સમય)

(૩) આયોજન :

પ્રોજેક્ટનું આયોજન અન્ય શિક્ષકોના સહકારથી તથા વિદ્યાર્થીઓના સહકારથી શાળાની ભૌતિક અને માનવશક્તિના સંદર્ભમાં શિક્ષક કરશે.

[૩.૧] હેતુઓ :

વિદ્યાર્થીઓ ભારતની ખેત ઉત્પાદકતાનાં વલણો જાણે. ખેતીક્ષેત્રે નીચી ઉત્પાદકતાનાં કારણોનો પરિચય મેળવે.

- ખેતરોનું અવલોકન કરતાં શીખે,

ઈતર વાંચન માટે અન્ય પુસ્તકો તરફ આકર્ષાય.

ખેતરની મુલાકાત લઈ ઉત્પાદકતાને અસર કરતાં પરિબળો જાણે. ખેતીવાડી ખાતાની મુલાકાત લઈ કૃષિવિષયક પ્રશ્નોની સમજ મેળવે.

ખેતીવાડી ખાતાના અધિકારીને વર્ગમાં બોલાવી એ વિશે ચર્ચા કરે, ભારતમાં ખેતીની ઉત્પાદકતા વધારવા માટેના ઉપાયોનો અભ્યાસ કરે. વિદ્યાર્થી ખેતીના વર્તમાન પ્રશ્નોમાં રસ લેતો થાય.

વિદ્યાર્થીમાં ઉત્પાદકશ્રમ પ્રત્યેની ભાવના કેળવાય.

[૩.૨] વિષયવસ્તુ :

કૃષિ ઉત્પાદન અને કૃષિ ઉત્પાદકતાં. ભારતમાં કૃષિ ઉત્પાદન અને કૃષિ ઉત્પાદકતાનાં વલણો.

નીચી કૃષિ ઉત્પાદકતાનાં જવાબદાર પરિબળો. કૃષિ ઉત્પાદકતા વધારવાના ઉપાયો.

[૩.૩] જૂથ રચના :

શિક્ષક નીચે પ્રમાણે ચાર જૂથમાં વર્ગને વહેંચશે. જૂથ ૧. કૃષિ ઉત્પાદકતાનો ખ્યાલ.

જૂથ ૨. ભારતમાં કૃષિ ઉત્પાદકતાનાં વલણો. જૂથ ૩. નીચી કૃષિ ઉત્પાદકતાનાં જવાબદાર પરિબળો.

જૂથ ૪. કૃષિ ઉત્પાદકતા વધારવાના ઉપાયો.

[૩.૪] વિદ્યાર્થીઓની પ્રવૃત્તિ :

- ભારતમાં છેલ્લાં કેટલાંક વર્ષો દરમિયાન થયેલ અનાજના ઉત્પાદનના આંકડાઓ એકત્ર કરશે.
- અનાજના વાવેતર હેઠળના વિસ્તારો તથા એકરદીઠ ઉત્પાદનને લગતી માહિતી એકત્ર કરશે.
- પોતાના વિસ્તારમાં થતા જુદા જુદા પાકોની માહિતી મેળવશે.
- પોતાના વિસ્તારની ખેડાણ હેઠળની જમીનની માહિતી ખેતરોમાં જઈને તથા ખેતીવાડી અધિકારી મારફતે મેળવશે.
  - ખેતરોમાં જઈ ખેડૂતો સાથે પ્રત્યક્ષ મુલાકાત લઈ તેની આર્થિક સ્થિતિનો ખ્યાલ મેળવશે.
- કૃષિવિષયક સુધારા બાબતે ખેડૂતોનાં વલણોનો અભ્યાસ કરશે. વરસાદ, જમીનનું ધોવાણ વગેરે અંગે માહિતી એકત્ર કરશે.
- ખેતીવાડી ખાતાના અધિકારીને વર્ગમાં બોલાવી ઉત્પાદકતાના પ્રશ્ને ચર્ચા કરે.
- ખ્યાલ મેળવશે.

[૩.૫] શૈક્ષણિક સંદર્ભસામગ્રી :

(૪) માહિતીઓ :

- સ્થાનિક-પ્રાદેશિક ખેતરોની મુલાકાત-અવલોકન
